બિહારમાં મતદારયાદીનો મુસદ્દો જારી: 65 લાખથી વધુની બાદબાકી

આ મતદારો મૃત્યુ પામ્યા કે સ્થળાંતર કરી ગયા છે, કુલ 7.24 કરોડ મતદારો

પટના: ચૂંટણી પંચે શુક્રવારે બિહારમાં બહુ અપેક્ષિત 'મતદાર યાદીનો મુસદ્દો' બહાર પાડ્યો હતો, જેમાં 7.24 કરોડ મતદારોની નોંધણી છે, પરંતુ 65 લાખથી વધુ નામોને રદ કરીને દાવો કરવામાં આવ્યો હતો કે મોટાભાગના સંબંધિત વ્યક્તિઓ મૃત્યુ પામ્યા હતા અથવા સ્થળાંતર કરી ગયા હતા.

વિશેષ સઘન સુધારણા (એસ. આઈ. આર.)ના ભાગરૂપે તૈયાર કરાયેલ મતદાર યાદીનો મુસદ્દો મતદારો માટે ઓનલાઇન ઉપલબ્ધ છે, જે વિધાનસભા ચૂંટણી માટે માત્ર થોડા મહિના બાકી છે ત્યારે જ આ કવાયતનો આદેશ આપવામાં આવ્યો હોવાથી ઘણો વિવાદ ઊભો થયો છે. ચૂંટણી પંચે અગાઉ નોંધાયેલા મતદારોને ડ્રાફ્ટ યાદીમાં સામેલ ન કરવાના કારણોમાં મૃત્યુ (22.34 લાખ), "કાયમી સ્થળાંતર/ગેરહાજર" (36.28 લાખ) અને "પહેલેથી નોંધાયેલા (એકથી વધુ સ્થળોએ)" (7.01 લાખ) નો સમાવેશ થાય છે.

ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં ભારે વરસાદ, માર્ગો અને મેટ્રો સ્ટેશનોમાં પાણી ભરાયું

ન્યૂયોર્ક, ન્યૂજર્સી, વોશિંગ્ટન અને ફિલાડેલ્ફિયાના એરપોર્ટ પર ફ્લાઈટો મોડી પડી અથવા રદ કરવામાં આવી પાટા પાણીમાં ડુબી જતા ઘણી ટ્રેનો અને મુસાફરો ફસાઈ ગયા

ન્યૂયોર્ક, તા. 1 (એપી): અમેરિકાના પૂર્વી કાંઠા પર ગુરુવારે વાવાઝોડું અને ભારે વરસાદના કારણે પૂર આવ્યું હતું જ્યારબાદ ન્યૂયોર્ક શહેર અને ન્યૂજર્સીમાં કટોકટી જાહેર કરાઈ હતી. વાવાઝોડાની અસર ન્યૂયોર્કથી વોશિંગ્ટન ડીસી સુધી દેખાઈ હતી.

હવામાન ખાતાએ જણાવ્યા મુજબ અમુક વિસ્તારોમાં એક કલાકમાં 3 ઈંચ સુધી વરસાદ પડ્યો હતો જેના કારણે ખાડી અને નદીઓ કાંઠાની બહાર વહેતી થઈ હતી. ન્યૂયોર્કમાં ઓચિંતા પૂરના કારણે મુખ્ય માર્ગો બંધ થયા હતા અને મેટ્રો સ્ટેશનો પર પણ પાણી ભરાઈ ગયું હતું જ્યારે સાંજનો રશ અવર શરૂ થવાનો હતો.

ભારે વરસાદને કારણે, પાટા પાણીમાં ડૂબી ગયા હતા, જેના કારણે ઘણી ટ્રેનો અને મુસાફરો ફસાઈ ગયા હતા. બચાવ ટીમોએ મુસાફરોને બચાવ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે ઘણા વાહનો ડૂબી ગયા હતા, અને એક્સપ્રેસ વે બંધ કરવો પડ્યો હતો. તે જ સમયે, ન્યુ જર્સીમાં 14 હજારથી વધુ લોકો 24 કલાક સુધી વીજળી વિના રહ્યા.

ન્યુ યોર્કના ગવર્નર કેથી હોચુલે શહેર અને આસપાસના વિસ્તારોમાં કટોકટી જાહેર કરી હતી.

એક વીડિયો સામે આવ્યો હતો જેમાં મેનહટ્ટનના ગ્રેન્ડ સેન્ટ્રલ ટર્મિનલમાં એક પ્લેટફોર્મ પર ટ્રેનની ઉપર પાણી પડી રહ્યું છે જ્યારે લોંગ આઈલેન્ડ અને ન્યૂજર્સીમાં રેલવે પાટા પર પાણી ભરાઈ જતા અમુક જગ્યાએ રેલ સેવા બંધ કરવામાં આવી હતી.

વાવાઝોડાના કારણે ન્યૂયોર્ક, ન્યૂજર્સી, વોશિંગ્ટન અને ફિલાડેલ્ફિયાના એરપોર્ટ પર ફ્લાઈટો મોડી પડી હતી અથવા રદ કરવામાં આવી હતી.

ભારત-પાકિસ્તાન સહિતના યુદ્ધ અટકાવવા ટ્રમ્પને નોબેલ મળે: વ્હાઈટ હાઉસ

નવી દિલ્હી, તા. 1: વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવા જોઈએ, અને દાવો કર્યો છે કે અમેરિકી રાષ્ટ્રપતિએ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ સહિત વિશ્વભરના ઘણા સંઘર્ષોનો અંત આણ્યો છે. શુક્રવારે ભારતે કહ્યું કે વ્હાઈટ હાઉસને એ પ્રશ્ન પૂછવો જોઈએ કે શું અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને યુદ્ધો અને સંઘર્ષો રોકવા માટે નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જોઈએ. 'જ્યાં સુધી વ્હાઈટ હાઉસના નિવેદનોની વાત છે, કૃપા કરીને તમારો પ્રશ્ન તેમને પૂછો', એમ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ટ્રમ્પને વ્હાઈટ હાઉસના નોબેલ શાંતિ પુરસ્કારની માગ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નો પર કહ્યું.

ADMISSION ANNOUNCEMENT
Somlalit Institute of Management Studies invites applications for Vacant Quota seats for MBA programme-2025 Application forms available and accepted till 07-08-2025 (Friday) till 2.00 PM. Merti list will be displayed on 08-08-2025 followed by Counseling on 11-08-2025. Form Fees Rs. 500/-.
SOMLALIT INSTITUTE OF MANAGEMENT STUDIES
Nr. St. Xavier's College, Navrangpura, Ahmedabad-380009. Gujarat.
Email : info@somlalit.org.
Mobile : 7383632936
Tele.: 079-26303301-02-03

ચૂંટણી પંચ ભાજપ માટે વોટ ચોરી કરી રહ્યું છે, કોંગ્રેસ પાસે તેના પુરાવાનો એટમ બોમ્બ છે: રાહુલ ગાંધી

આ બોમ્બ ફુટશે ત્યારે ચૂંટણી પંચને દેશમાં સંતાવવા માટે કોઈ જગ્યા નહીં રહે

કોંગ્રેસને ગયા વર્ષ લોકસભા ચૂંટણી અને મહારાષ્ટ્રમાં ગેરરીતિ હોવાની શંકા

રાહુલ ગાંધીના આરોપો નિંદનીય: ચૂંટણી પંચ

ચૂંટણી પંચે શુક્રવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના 'વોટ ચોરી'ના 'પાયાવિહોણા આરોપો'ને નિંદનીય ગણાવ્યા હતા, અને કહ્યું હતું કે તેમણે ચૂંટણી પંચ અને તેના સ્ટાફને ધમકીઓ આપવાનું પણ શરૂ કરી દીધું છે.

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે દાવો કર્યો હતો કે તેમની પાર્ટી પાસે ચૂંટણી પંચ દ્વારા ભાજપ માટે 'વોટ ચોરી' સાબિત કરવા માટે પુરાવાનો 'એટમ બોમ્બ' છે અને કહ્યું હતું કે જ્યારે તે ફુટશે ત્યારે ચૂંટણી પેનલને દેશમાં સંતાવવા માટે કોઈ જગ્યા નહીં રહે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ ચેતવણી આપી હતી કે ચૂંટણી પંચમાં જે લોકો આમાં સામેલ છે, ઉપરથી નીચે સુધી, તેમણે યાદ રાખવું જોઈએ કે તેઓ 'રાજદ્રોહ'માં સંડોવાયેલા હોવાથી તેમને છોડવામાં આવશે નહીં.

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા મહિનાભર ચાલેલી ખાસ સઘન સુધારણા કવાયત પૂર્ણ થયા પછી, ચૂંટણી પંચે બિહાર માટે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરવાના દિવસે તેમની ટિપ્પણી આવી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમના પક્ષને શંકા છે કે 2023માં મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ગેરરીતિઓ થઈ હતી, ત્યારબાદ ગયા વર્ષે લોકસભા ચૂંટણીમાં અને મહારાષ્ટ્રમાં.

ભારત હવે અમેરિકા પાસે એફ-35 વિમાનો નહીં ખરીદે?

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): ભારતે અમેરિકી અધિકારીઓને જણાવ્યું છે કે તેને એફ-35 સ્ટીલ્થ ફાઈટર જેટ ખરીદવામાં રસ નથી, એમ અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

એફ-35 અમેરિકાનું ફીફ્થ જનરેશન ફાઈટર એરક્રાફ્ટ છે. તેને લોકહીડ માર્ટિન કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મોદી સરકાર નજીકના ભવિષ્યમાં અમેરિકા સાથે કોઈ મોટો સંરક્ષણ સોદો ઇચ્છતી નથી.

જેડી (એસ)ના ભુતપૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્ના બળાત્કાર કેસમાં દોષિત

એચ ડી દેવગૌડાના પૌત્ર રેવન્ના સામે ચાર જાતીય શોષણ અને બળાત્કારના કેસ દાખલ હતા, આજે સજા થશે

બેંગ્લુરુ, તા. 1 (પીટીઆઈ): શુક્રવારે ભૂતપૂર્વ સાંસદ અને જેડી(એસ)ના સસ્પેન્ડેડ નેતા પ્રજ્વલ રેવન્નાને તેમની સામે નોંધાયેલા ચાર જાતીય શોષણ અને બળાત્કારના કેસોમાંના એકમાં અહીંની એક વિશેષ અદાલતે દોષિત ઠેરવ્યા હતા.

વિશેષ અદાલતના જજ સંતોષ ગજાનન ભટ્ટ શનિવારે સજાની જાહેરાત કરશે.

આ કેસ 48 વર્ષીય મહિલાનો છે જે હાસન જિલ્લાના હોલેનારસીપુરામાં પરિવારના ગન્નીકડા ફાર્મહાઉસમાં ઘરકામ કરતી હતી. 2021માં હાસન અને બેંગલુરુ નિવાસસ્થાનમાં તેના પર બે વાર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને આરોપી દ્વારા આ કૃત્ય તેના મોબાઈલ ફોન પર રેકોર્ડ કરવામાં આવ્યું હતું.

કોર્ટની કાર્યવાહી દરમિયાન રેવન્ના સ્પષ્ટપણે ધ્રુજી રહ્યો હતો અને જજે તેને દોષિત ઠેરવતા તે રડી પડ્યો હતો.

આ કેસની તપાસ કરતી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે (સીટ) સપ્ટેમ્બર 2024માં કેસમાં 113 સાક્ષીઓના નિવેદનો સાથે 1,632 પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. 34 વર્ષીય પ્રજ્વલ રેવન્ના ભૂતપૂર્વ વડા પ્રધાન અને જેડી (એસ)ના વડા એચ ડી દેવગૌડાના પૌત્ર છે.

છુટાછેડાની કાર્યવાહીમાં પત્ની દ્વારા નપુંસકતાના આરોપો બદનક્ષી ગણાતા નથી: બોમ્બે હાઈકોર્ટ

પત્ની તેના હિતને ટેકો આપવા આ આરોપો કરે તે વાજબી છે

મુંબઈ, તા. 1: બોમ્બે હાઈકોર્ટે જાહેર કર્યું છે કે છુટાછેડાની કાર્યવાહી દરમિયાન પત્ની દ્વારા પતિ સામે નપુંસકતાના આરોપો બદનક્ષી ગણાતા નથી અને જ્યારે આવા દાવાઓ સ્ત્રીના હિતોનું રક્ષણ કરવા માટે કરવામાં આવે છે, ત્યારે તે કાયદાકીય પ્રક્રિયાનો આવશ્યક ભાગ છે.

જસ્ટિસ એસ.એમ. મોડકે પોતાના 17 જુલાઈના આદેશમાં એક પુરુષની પોતાની અલગ રહેતી પત્ની અને તેના પરિવાર સામે બદનક્ષીની ફરિયાદને ફગાવી દીધી હતી, જેમાં તેમણે નોંધ્યું હતું કે હિન્દુ લગ્ન કાયદા હેઠળ નપુંસકતાના આરોપો 'ખૂબ જ સુસંગત' છે અને છુટાછેડા માટે કાયદેસરનો આધાર બની શકે છે. ન્યાયાધીશ મોડકે કહ્યું હતું કે પત્ની 'તેના હિતને ટેકો આપવા અને લગ્નજીવનમાં ક્રૂરતાનો ભોગ બની છે તે સાબિત કરવા માટે આ આરોપો કરે તે વાજબી છે.'

પુરુષે દલીલ કરી હતી કે તેની પત્નીએ છુટાછેડા અને ભરણપોષણની અરજીઓ અને એક અલગ એફઆઈઆરમાં કરેલા દાવાઓ જાહેર રેકોર્ડનો ભાગ બની ગયા છે અને તેથી તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું છે. આ કોર્ટને લાગે છે કે જ્યારે લગ્ન સંબંધમાં પતિ-પત્ની વચ્ચે મુકદ્દમા થાય છે, ત્યારે પત્ની તેના હિતને ટેકો આપવા માટે તે આરોપો લગાવે તેને બદનક્ષીભર્યું ગણી શકાય નહીં.

નીચલી અદાલતે પુરુષની બદનક્ષીની ફરિયાદમાં મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા તપાસ કરવાના આદેશ સામે તે મહિલા હાઈકોર્ટમાં ગઈ હતી.

ઈન્ડિગોની ફ્લાઈટમાં એક મુસાફરે અન્ય મુસાફરને થપ્પડ મારી

ગુનેગારને બાદમાં કોલકાતા એરપોર્ટ પર સુરક્ષા ટીમને સોંપવામાં આવ્યો

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): શુક્રવારે મુંબઈથી કોલકાતા જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં એક મુસાફરે વિમાનમાં સીટોની વચ્ચે ઉભેલા સાથી મુસાફરને થપ્પડ મારી હતી, એમ એક સૂત્રએ જણાવ્યું હતું.

આ ઘટના ફ્લાઈટ 6ઈ-138માં બની હતી અને લેન્ડિંગ પછી, ગુનેગારને કોલકાતા એરપોર્ટ પર સુરક્ષા ટીમને સોંપવામાં આવ્યો હતો, એમ સૂત્રએ જણાવ્યું હતું. એરલાઈને કહ્યું હતું કે ગુનેગાર બેફામ વર્તન કરી રહ્યો હતો.

ઈન્ડિગો તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. વિમાનમાં કેટલા લોકો સવાર હતા તે તાત્કાલિક જાણવા મળ્યું નથી. મુસાફરે સાથી મુસાફરને થપ્પડ મારવાનું કારણ પણ જાણી શકાયું નથી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી એક વીડિયો ક્લિપમાં દેખાય છે કે એક મુસાફર પોતીની સીટ પરથી ઉઠીને વિમાનમાં ઉભેલા એક સાથી મુસાફરને થપ્પડ મારે છે જે ત્યારબાદ રડવા લાગ્યો હતો અને તેને ત્યાંથી દૂર લઈ જવામાં આવ્યો હતો. એક કેબિન ક્રૂ સભ્ય તે મુસાફરને કહેતા સંભળાય છે કે આવું ન કરો જ્યારે અન્ય મુસાફર તેને પૂછી રહ્યો છે કે તેણે તે મુસાફરને થપ્પડ કેમ મારી અને તેને કોઈને મારવાનો હક નથી.